PGVCL

# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪
CIN: U40102GJ2003SGC042908;
ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;
ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૩/ક્વા-૦૨/૨૦૨૩-૨૪/ 3338-૨ તારીખ : 17-10-૨૦૨૩

રજી. એડી. પત્ર

પ્રતિ,
શ્રી જયંતીભાઈ કાનજીભાઈ દેસાઈ
જગદીશ એક્સપોર્ટ, માલવિયા વાડી પાસે, ગોંડલ રોડ,
મું. પો. : રાજકોટ, તા. : રાજકોટ, જી. : રાજકોટ,
પીન કોડ. : ૩૬૦૦૦૨
મોબાઈલ : ૯૮૨૪૨૪૨૧૧૦

વિષય : નવા કનેક્શનમાં કોટેશનની રકમ વધારે હોવા અંગે.

સંદર્ભ: આપશ્રીની રજુઆત તા. ૦૮-૦૯-૨૦૨૩.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૨૩/ક્વા-૦૨/૨૦૨૩-૨૪ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, રાજકોટ ગ્રામ્ય.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, રાજકોટ ગ્રામ્ય.

સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, રોણકી રાજકોટ ગ્રામ્ય.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

e-mail:forum.pgvcl@gebmail.com

પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૨૩/ક્વા-૨/૨૩-૨૪/3338-2 તા. 17-10-2023

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરિયાદ.

નોંધણી નંબર-૨૩/ક્વા-૨/૨૩-૨૪, તા.૧૨-૦૯-૨૦૨૩

અરજદાર : જયંતીભાઈ કે. દેસાઈ, ગામ: રાજકોટ

રજૂઆત કરનાર : અરજદાર વતી તેનાં પ્રતિનિધિ તરીકે યતીન જે. દેસાઈ અને જનક જે. દેસાઈ

:: વિરુધ્ધ ::

સામાવાળા : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી – રાજકોટ ગ્રામ્ય

રજૂઆત કરનાર : શ્રી કે.એચ.બક્ષી,કાર્યપાલક ઈજનેર,પી.જી.વી.સી.એલ.,ગ્રામ્ય વિભાગીય કચેરી-રાજકોટ અને તેમની સાથે શ્રી પી.વી. સિંધવ, નાયબ ઈજનેર રોણકી

:: કોરમ::

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

૧) ચેરપર્સન - શ્રી એન.સી. મકવાણા

૨) સભ્ય (ટેકનીકલ) - શ્રી આર.સી.પટેલ

૩) સભ્ય (સ્વતંત્ર) - શ્રીમતી નીતીનાબેન એચ. જોષી

સુનાવણી સ્થળ : કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ

તારીખ : તા.૦૬.૧૦.૨૦૨૩ (શુક્રવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા.૦૬.૧૦.૨૦૨૩ (શુક્રવાર) ના રોજ રાખવામાં આવેલ હતી, જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી જયંતીભાઈ કાનજીભાઈ દેસાઈ ઈશ્વરીયા ગામ ખાતે રોણકી પેટાવિભાગીય કચેરી હેઠળ ૧૬૩૯૧૨૬૩ નંબરથી એલ.ટી. કનેકશનની અરજી આપેલ હતી, જે અનુસંધાને તા.૨૦.૦૬.૨૦૨૩ ના રોજ ઓનલાઈન પેમેન્ટ રસીદ નં. CCC0486031 થી CCC0486033 રૂ.૧૭૫૫૪=૬૦ ભરી આપેલ, ત્યારબાદ પોસ્ટ દ્વારા રૂ.૭,૦૦,૦૦૦=૦૦ નુ વધારાનું કવોટેશન આપેલ છે. ૬.૫ કિ.વો. ના ઘરવપરાશ વીજજોડાણ માટે આટલું વધારે કવોટેશન વ્યવહારૂ લાગતું નથી, નવું કનેકશન લેવા માટે માર્ચ મહિનામાં ઓફિસમાં અરજી કરી છે, ૦૬ મહિના થયા હોવા છતાં કનેક્શન મળેલ નથી અરજદારે અગાઉ ભરપાઈ કરેલ પેમેન્ટની રીસીપ્ટ અને હાલમાં આવેલ નવું કવોટેશન જોડી અત્રેના ફોરમ સમક્ષ ન્યાયીક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદારની ફરિયાદ અન્વયે પીજીવીસીએલ પક્ષકારની લેખિત રજૂઆત પત્ર નં -૯૬૯૪ તા.૦૪-૧૦-૨૦૨૩ મુજબ ફરિયાદી અરજદાર દ્વારા ઈશ્વરીયા ગામે સર્વે નંબર ૨૩૬ મા રહેણાંક હેતુ માટે રોણકી પેટાવિભાગીય કચેરીમાં અરજી કરેલી હતી. જેના ઈ-ઉર્જામાં એસ.આર. નંબર ૧૬૩૯૧૨૬૩ થી નોંધણી થયેલ છે, જે અનુસંધાને વાસ્તવિક ખર્ચનું અંદાજપત્ર રોણકી પેટાવિભાગીય કચેરી દ્વારા **RNSD/T/5551** તા:૨૦.૦૭.૨૦૨૩ થી આપવામાં આવેલ હતું.

૩.૧ અરજદાર દ્વારા રજુ કરેલ બિનખેતી હુકમ નંબર એન.એ.-લેરેકાક-૬૫-કેસ નં.૧૩૯/૧૦-૧૧/વશી/ ૧૫૭૮૪/ ૯૧ તા:૧૩.૧૨.૨૦૧૦ થી ૪૬૦૩૩.૦૦ ચો.મી. જમીન બિનખેતી થયેલ છે. સદર અરજદારની કનેક્શનની માંગણી વાળી જગ્યા ઈશ્વરીયા ગામની ખેતીવાડી જગ્યાની વચ્ચેનો છુટ્ટો બિનખેતી ભાગ છે. અરજદાર દ્વારા સર્વે નંબર ૨૩૬ થી ૪૬૦૩૩.૦૦ ચો.મી. જગ્યા માટે આ કનેક્શન માંગેલ હોય જી.યુ.વી.એન.એલ. સરક્યુલર નંબર જી.યુ.વી.એન.એલ/ટેક-૨/આરએનઆર/૨૭૧૯ તા:૩૦.૦૧.૨૦૧૭ મુજબ ઈ-ઉર્જા સિસ્ટમ દ્વારા ખેતીવાડી વિસ્તાર વચ્ચે HT AB કેબલ સાથેના વાસ્તવિક ખર્ચનું અંદાજપત્ર રૂ.૭,૨૨,૮૨૨.૬ આપવામાં આવેલ છે, સદર સરક્યુલરની નકલ ફોરમ સમક્ષ રજુ કરેલ છે.

## ::હુકમ::

૪.૦ અરજદારે તથા સામાવાળાની લેખિત રજૂઆત અને રજુ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નિર્ણય કરાયેલ છે.

૪.૧ ફરિયાદી અરજદાર જયંતિલાલ કાનજીભાઈ દેસાઈ દ્વારા નવું થ્રી ફેઇઝ ઘરવપરાશ વીજજોડાણ મેળવવા તા.૨૦.૦૬.૨૦૨૩ થી ઓનલાઈન અરજી તેમજ જરૂરી ચાર્જ ભરપાઈ કરેલ છે.

૪.૨ ઈશ્વરીયા ગામની પડધરી તાલુકાના ઈશ્વરીયા ગામના સંયુક્ત ખાતેદાર શ્રી જયંતિલાલ કાનજીભાઈ દેસાઈએ તેમના ગામ નમુંનાં નં-૮-અ ના ખાતા નંબર -૨૯૫ ની સીમ જમીન સર્વે નંબર -૨૩૬ જમીન ચોમી ૪૬૦૩૩.૦૦ ને રહેણાંક હેતુ માટે શરતોને આધીન બિનખેતીની પરવાનગી સાથેના વેચાણ-૨ વાળો લે આઉટ પ્લાન મંજુર કરવામાં આવેલ છે, તેની નકલ નવા વીજજોડાણની અરજી સાથે જોડેલ છે, સદર અરજદાર દ્વારા તા.૧૦.૦૭.૨૦૨૩ ના રોજ એસ.આર.નં -૧૬૩૯૧૨૬૩ થી ઈ-ઉર્જામાં નોંધણી કરેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

૪.૩ ઉપરોક્ત નવા વીજજોડાણની અરજી અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા તા.૨૦.૦૭.૨૦૨૩ ના રોજ અરજદારને ભાવપત્રક મોકલેલ છે, જેમાં નીચે મુજબની વિગતો નોંધાયેલ છે.

| | | |
|---|---|---|
| 1. | ટેપિંગ | – રૂ.૭૦૫૪.૦૦ |
| 2. | સિક્યોરીટી ડીપોઝીટ | – રૂ.૫૪૧૩.૦૦ |
| 3. | ૧૧ કેવી કેબલ જોઈન્ટ | – રૂ.૮૯૫૦.૦૦ |
| 4. | ૧૦ કેવીએ DTC | – રૂ.૧૦૪૮૭૦.૦૦ |
| 5. | ફીક્સ ચાર્જ | – રૂ.૧૨૦૦૦.૦૦ |
| 6. | ૧૧ કેવી એ.બી.કેબલ (૦.૬ KM) | – રૂ.૫૮૪૩૯૪.૦૦ |
| 7. | નવા વીજજોડાણનો નોંધણીચાર્જ | – રૂ.૧૧૮.૦૦ |
| 8. | ટેસ્ટરીપોર્ટ ચાર્જ | – રૂ.૨૩.૬ |
| | કુલ | – રૂ.૭૨૨૮૨૨.૬૦ |
| | અરજદાર દ્વારા ભરપાઈ કરેલ રકમ્ | – રૂ.૧૭૫૫૪.૬૦ (તા.૨૦.૦૬.૨૦૨૩) |
| | બાકી ભરપાઈ કરવા પાત્ર રકમ | – રૂ.૭૦૫૨૬૮.૦૦ (FQ તા.૨૦.૦૭.૨૦૨૩) |

સદર ભાવપત્રક ભરપાઈ કરવાની સમયમર્યાદા તા.૧૪.૦૮.૨૦૨૩ નોંધાયેલ છે.

૪.૪ ઉપરોક્ત ભાવપત્રકની નકલ અરજદાર દ્વારા લેખિત ફરિયાદ સાથે જોડેલ છે, તે મુજબની રકમ અરજદાર દ્વારા સમયમર્યાદામાં ભરપાઈ કરાયેલ હોય, તેમજ સદર ભાવપત્રકની સમયમર્યાદા વધારવા અંગેના આધાર-પુરાવા અરજદાર કે પીજીવીસીએલ દ્વારા રજુ કરાયેલ નથી.

૪.૫ પીજીવીસીએલમાં પ્રવર્તમાન રહેલ જીયુવીએનએલના પરિપત્ર નંબર:૨૭૧૯ તા.૩૦-૦૧-૧૭ માં જણાવેલ શરતો/નિયમો નં-૦૧ નીચે મુજબ નોંધાયેલ છે.

"(૧) વાડી વિસ્તારમાં છુટછવાયા ઘરોમાં રહેણાંક હેતુ માટે વીજજોડાણ આપવા બાબતની નીતિ.

1. હાલમાં, જીયુવીએનએલના વીજવિતરણ પરિપત્ર ૭૮૪-ક, તા.૨૭.૭.૨૦૦૫ પ્રમાણે, ખેતીવાડી જમીનમાં આવેલા છૂટછવાયા મકાનોમાં રહેણાંક હેતુ માટે ખેતીવાડી ફીડર પરથી ૮ કલાક, થ્રી ફેઝ વીજપુરવઠો અને સ્પે. ડીઝાઇન ટ્રાન્સફોર્મર (SDT) દ્વારા સતત સીંગલ ફેઝ વીજ પુરવઠો પુરો પાડવામાં આવે છે.
2. આવા કનેકશન માટે નીચે પ્રમાણેના ધારાધોરણો છે.
   **3 KW** સુધીનું સીંગલ ફેઇઝ વીજ જોડાણ એજી ફીડર પરથી લાગુ પડતા ટેરીફ આધારે રહેશે. **3 KW** સીંગલ ફેઇઝ વીજ જોડાણ માટે ગ્રાહકે વાસ્તવિક ખર્ચ અથવા **KW** આધારિત ફીકસ ચાર્જ એ બેમાંથી જે વધુ રૂા.૧ લાખ સુધી (ગુજરાત વીજ નિયમન પંચની મંજૂરી પ્રમાણે) હોય એ ચૂકવવાપાત્ર રહેશે. ગુજરાત વીજ નિયમન પંચની મંજૂરી અનુસાર હાલ કૃષિ હેતુ જમીન ઉપરના રહેણાંકોમાં જે **SDT** આધારીત વીજજોડાણ આપવામાં આવે છે એ રીતે જ રહેશે.
3. જો આવા વીજ જોડાણ માટે જેજીવાય ફીડર લંબાવવામાં આવે તો જેજીવાય યોજના અંતર્ગત ખેતીવાડી ફીડરને અલગ કરવાનો હેતુ સર થતો નથી. તેમજ વીજચોરી અને અકસ્માતની શકયતાઓ વધી જાય છે, આથી હયાત નીતિ મુજબ જ આવા વીજજોડાણ ખેતીવાડી ફીડર પરથી જ આપવા યોગ્ય છે.
4. વીજચોરી અને અકસ્માત નિવારવા, **HT** વીજ લાઇન માટે જરૂર જણાય ત્યાં, વીજલાઇન ક્રોસીંગ દૂર કરવા ઓવરહેડ **HT AB** કેબલનો ઉપયોગ કરવાનો રહેશે.
5. વાડીવિસ્તારમાં એક સર્વે નંબરમાં વારસાઈ હક ભોગવતા, એકથી વધુ કુટુંબ રહેતા હોય અને વારસાઈહક માટેનો તલાટી/મામલતદાર દ્વારા આપવામાં આવતો પુરાવો રજુ કરે, તો તે તમામને સિંગલ ફેઝ ઘરવપરાશ માટેના વીજ જોડાણ આપવાના રહેશે.
6. એવા સંજોગો કે જેમાં ખેતીવાડી વિસ્તાર વચ્ચે, કોઈ નાનો વિસ્તાર કે છૂટોછવાયો વિસ્તાર બિનખેતી થયેલ હોય તો પણ આવા વિસ્તારમાં ખેતીવાડી ફિડર પરથી જ ઉપર મુજબ વીજ જોડાણ આપવાના રહેશે.
7. સરકારે ખરાબા/ પડતર જમીનમાં મકાન બનાવીને રહેતા કુટુંબે વીજ જોડાણ લેવા સક્ષમ અધિકારીનું "ના વાંધા પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. (દા.ત., ગ્રામ્ય વિસ્તાર માટે તાલુકા વિકાસ અધિકારી અને શહેરી વિસ્તાર માટે ચીફ ઓફિસર દ્વારા પ્રમાણિત કરવાનું રહેશે.)

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Rajkot

૪.૬ ઉપરોક્ત મુદ્દા નં ૪.૪ અને ૪.૫ મુજબની વિગતે સ્પષ્ટ થાય છે કે અરજદાર દ્વારા ઘરવપરાશ વીજજોડાણની ઓનલાઈન અરજી નં-૧૬૩૯, ૧૨૬૩ થી કરેલ છે, તેમાં જોડેલ જગ્યાના આધાર- હાલની જગ્યાના પુરાવા મુજબ પડધરી તાલુકાના ઈશ્વરીયા ગામના સર્વે નંબર-૨૩૬ ની બિનખેતી હેતુ માટે

જીલ્લા વિકાસ અધિકારી રાજકોટ દ્વારા પત્ર તા.૧૩-૧૨-૨૦૧૦ થી મંજુર કરેલ છે, જે જગ્યા ગામતળની બહાર ખેતીવાડી વિસ્તારમાં આવેલ છે.

અરજદાર દ્વારા કરાયેલ સદર અરજીના અનુસંધાને પીજીવીસીએલ પક્ષકાર દ્વારા તફાવતનું ભાવપત્રક તા.૨૦.૦૭.૨૦૨૩ થી અરજદારને મોકલાવેલ છે, જે ભરપાઈ કરવાની છેલ્લી તા.૧૪.૦૮.૨૦૨૩ હતી, પરંતુ સમયમર્યાદામાં સદર ભાવપત્રકની રકમ ભરપાઈ થયેલ નથી, જેથી સદર અરજી રદ થયેલ હોય, અરજદારે ભરપાઈ કરેલ રકમ રીફંડ મેળવવા માટેની અરજી કરવાની રહેશે, જે અરજી મળ્યેથી પીજીવીસીએલ પક્ષકાર દ્વારા સદર રીફંડ આપવા બાબતે નિયમાધીન કાર્યવાહી કરવી.

વધુમાં અરજદાર દ્વારા જોડેલ જગ્યાના આધાર-પુરાવા મુજબ, જો અરજદારને ઘરવપરાશના વીજજોડાણની જરૂરીયાત હોય તો, ઉપરોક્ત મુદ્દા નં ૪.૫ માં જણાવેલ નીતિ નિયમોની શરત નં-૬ મુજબ ઘરવપરાશ માટેનું વીજજોડાણ મળવા પાત્ર છે. અરજદારે નિયમ અનુસાર ફરીથી વીજજોડાણ મેળવવા માટે પીજીવીસીએલની સબંધક કચેરીમાં અરજી કરવાની રહેશે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

| (એન.એચ.જોષી) | (આર.સી.પટેલ) | (એન.સી.મકવાણા) |
|---|---|---|
| સભ્ય (સ્વતંત્ર) | સભ્ય (ટેકનીકલ) | ચેરપર્સન |

નોંધ: અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિવસ-૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ રજૂઆત કરવા માટે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે અને કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. લોકપાલશ્રીની કચેરીનું સરનામું: "જીલ્લા સેવા સદન- ૩, ત્રીજો માળ - બ્લોક નં -૧, ગવર્મેન્ટ પ્રેસ રોડ, રાજકોટ – ૩૬૦૦૦૧, ફોન નં –૦૨૮૧-૨૯૯૪૧૨૫